# હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ૯૮ ટકાથી વધુ સંપન્ન

## ત્રણ હજારથી વધુ તાવના દર્દી મળ્યા જ્યારે મેલેરિયા પોઝીટીવના બે દર્દી મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળા અંગે હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેન્સમાં ૯૮.૮૦ ટકા કામગીરી સંપન્ન કરવામાં આવી છે અને ત્રણ હજારથી પણ વધુ તાવના દર્દીઓ શોધવામાં સફળતા મળી છે.

તંત્ર દ્વારા ૭ હજાર જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ આ સર્વેલન્સ દરમ્યાન મળી આવતાં એન્ટી લારવેલની કામગીરી કરી તેનો નાશ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા આ સર્વેલન્સની કામગીરીની સાથે સાથે જનજાગૃતિ અભિયાનને સાંકળી બાળરેલી તેમજ વક્તૃત્વ, નિબંધ સ્પર્ધાઓનું પણ આયોજન કર્યું હતું.

આજે અંતિમ દિવસે તંત્રની ટીમોએ ૪૪,૫૬૮ મકાનો અને ૨,૦૯,૪૧૯ માણસોને સર્વેલન્સ દરમ્યાન આવરી લીધા હતા.

તંત્રને સર્વેલન્સ દરમ્યાન ૧૪૦૩ સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવતાં ત્યાં એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આજે વધુ ૪૧૭ જેટલા તાવના દર્દી પણ મળી આવ્યા હતા જેમના લોહીના નમૂના મેળવી અને ચકાસણી અર્થે મોકલવામાં આવ્યા છે. આ સર્વેલન્સ દરમ્યાન બે કેસ મેલેરિયા પોઝીટીવના મળી આવ્યા હતા. તંત્ર દ્વારા આ દર્દીઓના રહેઠાણની આસપાસ સર્વેલન્સ અને ફોગીંગની કામગીરી કરવામાં આવી હતી.

જિલ્લામાં બીજા તબક્કામાં પણ સર્વેલન્સની કામગીરી ૯૮.૮૦ ટકા થતાં છેલ્લા ચારેય સર્વેલન્સમાં તંત્રની કામગીરી નોંધનીય રહેવા પામી છે.

# શહેરમાં મોસમનો ૩૮ ટકા વરસાદ



ગાંધીનગર તા ૧૫

સમગ્ર રાજયમાં મેઘમહેરના અંતે ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. જયારે હજુ પણ અતિભારે વરસાદની આગાહી હવામાન તજજ્ઞો દ્વારા કરવામાં આવી છે. રાજયના પાટનગરમાં પણ ગઈકાલે મેઘરાજા અનરાધાર વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. ગઈકાલે શહેરમાં ૫૨ મી મી વરસાદ પડયો હતો. આજે પણ દિવસ દરમિયાન જરમર વરસાદ યથાવત રહયો હતો. આજે દિવસ દરમિયાન અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. અત્યારસુધી મોસમનો કુર વરસાદ ૩૧૬ મી મી નોંધાયો છે. સિઝનનો ૩૮ ટકા વરસાદ થઈ જતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

સમગ્ર રાજયમાં મેઘરાજા મનમુકીને વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. કેટલાક ઠેકાણે ઝરમર તો કયાંક હળવા ભારે વરસાદના લીધે ચોમેર વરસાદી પાણી પાણી થઈ ગયુ છે. ગાંધીનગરમાં પણ ગઈકાલથી આકાશમાં મંડરાયેલા વાદળો સતત વરસતા નગરમાં વરસાદી પાણી ઉભરાતા નજરે પડે છે. સેકટરોના કોમન પ્લોટ સહીત આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરવો જોવા મળી રહયો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૬૬ મી મી વરસાદ થયો છે. ત્રણ ઈંચ વરસાદના લીધે નગરમાં ગઈકાલે સાંજે જળબંબાકારની

● અનુસંધાન પાન-૭ પર

# ખરીફ ઋતુમાં ૫૦ ટકા વાવેતર સંપન્ન

## ફેરરોપણીના પાકોનુ વાવેતર વધ્યુ : કઠોળ પાકનું વાવેતર પણ નોંધનીય

## ગત વર્ષની આ સમયની તુલનામાં બે હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર વધુ થયુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સમયસરના ચોમાસાના આગમનને પગલે ગત વર્ષની આ સમયગાળા દરમ્યાન થયેલ વાવણી કરતાં બે હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વધુ વાવેતર થવા પામ્યુ છે. ખરીફ સિઝનનું વાવેતર ૫૦ ટકા પર પહોંચવા આવ્યું છે.

વરસાદના વિરામને પગલે ખેડૂતોએ ફેર રોપણીના પાકો અને મગફળી તેમજ દિવેલાના પાકના વાવેતર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. જિલ્લામાં પુરા થયેલા સપ્તાહના અંતે ૫૭,૮૦૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયાનું કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં શાકભાજીનું વાવેતર ૬૮૫૨ હેક્ટરમાં થયુ છે તો ગુવારનું વાવેતર ૨ હજાર હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૪૯૩૪ હેક્ટરમાં અને દિવેલાનુ વાવેતર ૧૧૦૦ હેક્ટરમાં થયું છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મનપાને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ અટકી

## ૨૦૧૬-૧૭માં ગ્રાન્ટમાં કયા કામો હાથ ધર્યા અને ખર્ચ વપરાશના પ્રમાણપત્રો રજુ કરવા જણાવાયુ : પરફોર્મન્સ ગ્રાન્ટ ગુમાવ્યા પછી નવી ગ્રાન્ટ માટે પણ પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૧૫

૧૪મા નાણાં પંચ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને મળવા પાત્ર ૨૦૧૭-૧૮નો નાણાંકીય વર્ષનો પ્રથમ હપ્તો અટવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે નાણાંપંચની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલા વિકાસ કામોની વિગતો તેમજ તેનો અહેવાલ રજુ કરવા માટે મ્યુનિ. ફાયનાન્સ બોર્ડે સ્પષ્ટ શબ્દોમાં જણાવતાં મનપાનું તંત્ર દોડતુ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૧.૫૦ કરોડ જેટલી રકમ પ્રથમ હપ્તામાં મળવાપાત્ર થાય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તો આ રકમ ફાળવી દેવામાં આવી છે અને પંચાયતોને તેની ફાળવણી પણ પૂર્ણ થઈ જવામાં છે ત્યારે મનપા દ્વારા હજુ આ બાબતે કોઈ જ ગળે ઉતરે તેવા કારણો બતાવવાની કવાયતમાં વ્યસ્ત બની છે.

મનપાના અધિકારીઓ અને મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણીપંચના નિરીક્ષક આવશે

ગાંધીનગર, તા. ૧૫

સોમવારે રાષ્ટ્રપતિપદની યોજાનાર ચૂંટણીને લઈ ચૂંટણી પંચે ગુજરાતમાં કર્ણાટક કેડરના સનદી અધિકારી વૃંદા વર્માની નિરીક્ષક તરીકે નિમણુંક કરી છે.

સુશ્રી વૃંદા આજે રાત્રે વિમાનમાર્ગે ગાંધીનગર આવી પહોંચશે. રવિવારે મતદાન મથક તેમજ ચૂંટણી અંગે કરવામાં આવેલ તૈયારીઓની સમીક્ષા કરશે. તેઓ સોમવારે મતદાન મથકમાં પણ હાજર રહેશે. મતદાન પૂર્ણ થયા બાદ તેઓ ચૂંટણીપંચને પોતાનો અહેવાલ આપશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મતદાન મથકમાં ચૂંટણી નિરીક્ષકશ્રી તેમજ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી શ્યૈન માટે ખાસ બેઠક વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. તેઓ મંગળવારે મતપેટી રવાના થયા બાદ ગાંધીનગર છોડશે તેમ જાણવા મળેલ છે.

# વન મહોત્સવ અને મતદારયાદી સુધારણા ઝુંબેશમાં અધિકારીઓ કર્મચારીઓ સક્રિય બને : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૫

વન મહોત્સવ અને મતદારયાદી શુધારણા ઝુંબેશમાં તંત્રના અધિકારીઓને સંવેદના સાથે જોડાવવાની હૃદયસ્પર્શી અપીલ આજે જિલ્લા કલેક્ટર તરીકે દેવાંગ દેસાઈએ સંકલન સમિતિમાં અધિકારીઓને કરી હતી.

ચૂંટણી પંચ દ્વારા સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કર્મચારી-અધિકારીના સગા સંબંધી કે અડોશ-પડોશના જ પરિવારો બાકી ના રહી જાય તે અંગત રીતે ધ્યાન આપી જોવા તેમણે કહ્યુ હતુ.

ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર દેવાંગ દેસાઈએ ૨૦મીએ જિલ્લાનો વન મહોત્સવ યોજાવાનો છે ત્યારે કચેરીમાં અને ઘરના આંગણામાં એક વૃક્ષ વાવીએ એટલુ જ નહિ તેનુ જતન કરી અને કુદરત પ્રત્યેના ઋણ તે અદા કરવાની ઉમદા તક આ વન મહોત્સવ દ્વારા ઝડપી લઈએ તેવી હૃદયસ્પર્શી અપીલ કરી હતી.

તેમણે આજની સંકલન સમિતિમાં વધુ લોકાભિમુખ વહીવટ બને તેના પર પણ ભાર મુક્યો હતો. આ ઉપરાંત ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હોવાથી કંટ્રોલરૂમને પણ ઘટના કે દુર્ઘટના અંગે તાકીદે જાણ કરવા માટે જણાવ્યુ હતુ કે લોકોને પણ અપીલ કરી છે.

તેમણે આજની આ બેઠકમાં જિલ્લામાં સેવાસેતુના ચાલી રહેલા કાર્યક્રમોમાં મળી રહેલા પ્રતિસાદ માટે તંત્રના અધિકારીઓને અભિનંદન આપ્યા હતા. ક્ષેત્રીય કચેરીઓની નિયમિત મુલાકાત લેવા માટે પણ તેમણે ખાસ ટકોર કરી હતી.

# સે-૭ના નવા સરકારી આવાસોનુ લોકાર્પણ

# સરકારી કર્મચારીઓને મકાનોની ફાળવણી

## ગાંધીનગર સ્માર્ટ સીટી જાહેર થતા રૂ ૫૦૦ કરોડના વિકાસ કામો હાથ ધરાશે : નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ

ગાંધીનગર તા ૧૫

સે-૭ માં નવા સરકારી આવાસોનુ આજે નાયબ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. નવા આવાસોને



રાષ્ટ્રભકત શ્યામજી કૃષ્ણનુ નામ આપવામાં આવ્યુ છે.

આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે રાજયમાં જિલ્લા તાલુકા મથકોએ બહુમાળી વસાહતોનુ નિર્માણ કરવામાં આવશે. જયારે ગાંધીનગરમાં પણ વર્ષો જુના સરકારી આવાસોના સ્થાને નવા મકાનો બાંધવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે ગાંધીનગરને સ્માર્ટ સીટી તરીકે જાહેર કરાતા વિવિધ વિકાસ કામો માટે પણ રૂ ૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા નિર્માણ કરાયેલા સરકારી આવાસો અન્વયે ૧૯૨ મકાનોના ફાળવણી પત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૭ માં આવાસોને અનુલક્ષી નવુ શોપિંગ સેન્ટર તૈયાર કરાશે

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ સે-૨૯ અને ૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જયારે સે-૭ માં તૈયાર કરાયેલા નવા આવાસોની આજે કર્મચારીઓને ફાળવણી પણ કરી દેવામાં આવી છે. સે-૭ માં ૨૮૦ જેટલા નવા આવાસો બાંધવામાં આવ્યા છે. આવાસોમાં જરૂરી તમામ સુવિધાઓ છે. ત્યારે નવા આવાસમાં વસવાટ કરતા કર્મચારીઓને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે જરૂરીયાતની ચીજવસ્તુઓ પણ ઘરઆંગણે જ મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાંવ્યુ હતુ કે ટુંકમાં જ આવાસોને અનુલક્ષી નજીકમાં જ શોપિંગ સેન્ટર પણ તૈયાર કરવામાં આવશે.

## બચતની રકમમાંથી નવા ૫૬ મકાનો બનશે

સરકારની પારદર્શક વહીવટી પ્રક્રીયાના અંતે રૂ ૬૩ કરોડમાં મંજુર થયેલી આ યોજના અન્વયે રૂ ૪૫ કરોડમાં જ આ આવાસો તૈયાર થઈ ગયા છે. જેના લીધે બચતની રકમમાંથી વધુ ૫૬ મકાનો બાંધવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાંવ્યુ હતુ કે ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયાના અંતે પારદર્શક વહીવટના લીધે ઓછી રકમમાં આવાસો તૈયાર થયા છે. જયારે બચતનો ઉપયોગ પણ નવા આવાસના નિર્માણ કાર્યમાં થશે.

## જાહેરાત

### જોઈએ છે : સહાયક મહામાત્ર

ગુજરાત સાહિત્ય અકાદમી સંલગ્ન પાંચ ભગિની ભાષા હિન્દી, ઉર્દૂ, સિંધી, સંસ્કૃત અને કચ્છી સાહિત્ય અકાદમીમાં સહાયહ મહામાત્ર (હિન્દી, ઉર્દૂ, સિંધી, સંસ્કૃત અને કચ્છી), વર્ગ-૩ની એક જગ્યા ભરવા માટે જે તે ભાષાના સ્નાતક કક્ષાના ઉમેદવારોની અરજી મંગાવવામાં આવે છે. અલબત્ત અનુસ્નાતક પ્રથમ પસંદગીને પાત્ર રહેશે. (કચ્છી માટે ગુજરાતી સ્નાતક / અનુસ્નાતક અરજી કરી શકશે.) ઉક્ત જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત ભરવામાં આવશે. એકંદરે એકત્રિત વેતન રૂ. ૧૪,૦૦૦/- રહેશે.

ઉમેદવાર જે તે ભાષા વાંચન, લેખન તથા બોલવા પર પ્રભુત્વ ધરાવતા હોવા જોઈએ અને સંબંધિત ભાષા સાહિત્યના સાંપ્રત અને ઐતિહાસિક વલણોથી પરિચિત હોવા જોઈએ. ઉમેદવાર સરકાર માન્ય સંસ્થામાંથી કમ્પ્યુટર (સી.સી.સી.)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

ઉક્ત જગ્યા માટે જાહેરાત પ્રસિદ્ધ થયાના પંદર (૧૫) દિવસમાં સંપૂર્ણ બાયોડેટા સાથે અરજી gsagandhinagar@gmail.com અથવા મામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, પહેલો માળ, અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ ખાતે બંધ કવરમાં મોકલી આપવાની રહેશે. કવર પર જે તે ભાષાનો ઉલ્લેખ કરવાનો રહેશે. પ્રમાણપત્રો બીડવા નહીં.

મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

MUMBAI WHOLESALE BAZAR
ગાંધીનગરમાં સર્વપ્રથમવાર...
SALE... SALE... SALE... SALE...
ટૂંક સમય માટે જ... SALE No.1
જ્યાં ડિસ્કાઉન્ટ જ નહી એકદમ તળીયાના ભાવો....
સેલ કરતા પણ સસ્તુ
હવે આપને અમદાવાદ કે અલગ અલગ જગ્યાએ ખરીદી કરવા જવાની જરૂર નથી. બીજે ખરીદી કરવા જતા પહેલા અમારી મુલાકાત ફાયદામાં રહેશે.
બોમ્બે, કલકત્તા ને લેડીઝ વેસ્ટર્ન ટોપ ફક્ત રૂ. ૫૦૦/-માં ત્રણ નંગ
બ્રાન્ડેડ જીન્સ પેન્ટ, કોટન પેન્ટ, ફોર્મલ પેન્ટ ફક્ત રૂ. ૧૦૦૦/-માં ત્રણ નંગ
ફેન્સી લેડીઝ કુર્તી ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
ઓફીસ વેર શર્ટ, પ્લેન, લાઈનીંગ ચેક્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ
જીન્સ જેગીન્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ
બોમ્બે-બેંગ્લોર કેજ્યુઅલ શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
કોટન પ્રિન્ટેડ ડ્રેસ મટીરીયલ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
લુધીયાણા બોમ્બે ફેન્સી ટી-શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
હેરમ+પ્લોજ્જો નાઈટ પેન્ટ ફક્ત રૂ. ૪૫૦/-માં ત્રણ નંગ
લેડીઝ જીન્સ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
આ ઉપરાંત જીન્સ પેન્ટ, પોલોફીટ કાર્ગો પેન્ટ, બાંગ્લાદેશી કોટન કાર્ગો પેન્ટ જેવી અઢળક વેરાયટી અને એ પણ તળીયાના ભાવે
આ સેલ ટુંક સમય માટે જ છે. વહેલા તે પહેલાના ધોરણે પછી ના કહેતા કે અમે રહી ગયા.
સ્થળ : હોટલ પ્રેસિડેન્ટ બેંકવેટ હોલ, 'ચ' રોડ, પેટ્રોલ પંપની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : સવારે ૧૦થી રાત્રે ૯ સુધી લંચ બ્રેક વગર
● હોલસેલ વેપારી ભાઈઓએ પૂછપરછ કરવી નહીં.
● શોપીંગ બેગ સાથે ન લાવવા વિનંતી.
● ગર્દીથી બચવા સવારે પધારો

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com